શ્રી.

# તપશ્યા માહત્મ
## તથા
# ધર્મશીક્ષા.

દોહરો.

પુસ્તક આ પ્રીતથી ગ્રહણ કરો નરનાર,
આપુ વીવીધ વીષય ઘણા કહેતા ન આવે પાર.
પુસ્તક નાજૂક લેવાને છે ભલામણ ખાસ,
વાચી શબ્દો ગ્રહણ કરો રાખી નીત્યે પાસ.

રચી છપાવી પ્રસીદ્ધ કરનાર.
વોરા ભોગીલાલ રતનચંદ પાટણવાળા.
હાલ ઝવેરીવાડો સંભવનાથની ખડકી. અમદાવાદ.

અમદાવાદ ઘીકાંટે ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમા
શા સોમચંદ કેશવલાલે છાપી

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦ સને ૧૯૧૫.

કીંમત ૦-૨-૦

શ્રી.

# તપશ્યા માહત્મ
## તથા
# ધર્મશીક્ષા.

દોહરો.

પુસ્તક મારૂ પ્રીતથી ગૃહણ કરો નરનાર,
આપુ વીવીધ વીષય ગણા કહેતા ન આવે પાર.
પુસ્તક નાજુક લેવાને છે ભલામણ ખાસ,
વાચી શબ્દો ગૃહણ કરો રાખી નીત્યે પાસ.

રચી છપાવી પ્રસીદ્ધ કરનાર.

**વોરા. ભોગીલાલ રતનચંદ પાટણવાળા.**

**હાલ ઝવેરીવાડો સંભવનાથની ખડકી. અમદાવાદ.**

અમદાવાદ ઘીકાંટે ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. સોમચંદ કેશવલાલે છાપી.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦ સને ૧૯૧૫.

કીંમત ૦-૨-૦

# પ્રસ્તાવના.

ગૃહસ્થો આ પુસ્તક મારી યથાશકતી બુધ્ધી અનુસારે ખાસ ધર્મની ઝાહોજલાલી વધારવા ખાતર બનાવવામા આવ્યુછે વળી તેની અંદર આપ લોકોને રમુજ આવવાને નીચેના પ્રમાણે વીશયો મુકવામા આવેલા છે કે આપણા જુના જાણીતા (નગર) રાજનગર ઉર્ફે અમદાવાદની નજીક આવેલા સસપુર ગામની અંદર ભાવસાર જ્ઞાતીમા એક શ્રાવકે પોતાના શરીર પરથી મમતા ઉતારીને તપસ્યા લગભગ ચાર પાંચ માસ ઉપર આદરી હતી તે માણસનુ શુભ જીવન ચરીત્ર ( બનાવવા ) મને કેટલાક ગૃહસ્થો તરફથી ફરમાન કરવામા આવેલુ તેથી મારી યથા શક્તી બુધ્ધી વડે જે કાંઇ બનાવ્યુછે તે આપ ગૃહસ્થો જરા ધ્યાન દઇને વાચશો એવી આશાછે

લી આપનો શેવક.

**ભોગીલાલ રતનચંદ વોરા.**

જયજીનેન્દ્ર

શ્રી.

# તપશ્યા મહાતમ તથા ધર્મ શીક્ષા

## સ્તુતિ.

શક્રય યન્ન વીરોપતો પ્રેમ્ણૈવ યચી નીતતં
મૃદિકા વન્નેન્દુ મંડલ મપીસ્યાત્તે વીઘત્તે મૃન્મ
યન મુગ્ધા નયનાત્ન. મેષ્ટીવ મિ. વાધ્ય. ક્ષિ પીનો લક્ષીતં '
તને જ્ને વીનયા દમદ. હૃદયાનાન્નાય વન્નામહે

## સ્તુતિ.

### ( ચાલ હરિગીત છંદ. )

પ્રેમે નમુ હુ પ્રેમથી મુજ વન્નણા સ્વીકારશો.
ન્ચુ પુસ્તક ઉમગથી ભૂલ ચૂકતો સુધારશો
પ્રેમે નમુ ચોવીશમા જીનરાય હુ માહાવીરને
ત્રીશલાનંદન સુખકન્દન નમુ મસ્તક નમાવીને.
વળી હુ નમુ પ્રેમે ધરી સાધુ સાધવીને સદા,
સ્વીકારશો આ રંકની વંદણા મારી સર્વદા
બનાવ્યુ પુસ્તક પ્રેમથી આપીજ ચીતાર ધર્મનો
મસ્તક નમાવુ સઘને આધાર મોટો એમનો
ભૂલચૂકની માફીજ આપી દોશ સુધારી વાંચશો.
તપસ્યાજ કાવ્ય ધર્મ શીક્ષા, તમ મનમા અવલોકશો.

# અમદાવાદ શહેરનુ વર્ણન.

## ચોપાઇ.

શોભે રાજ નગર શહેર સારૂ, છે મોટુ વેપારનુ બારૂ,
તેમા વસેછે શેઠ સાહુકાર, લીલા લહેર લક્ષ્મીનો નહી પાર
તેહ ગામનો આપુ ચીતાર, પ્રીત ધરી સાભળશો નર નાર,
શહેર વચ્ચે શોભે દરવાજા, તેથી દેખાય શહેરની શુભમાજા.
ભદ્રકાલી કીલ્લો મોટો જાણો, તેના ઉપર (ટાવર) પ્રમાણો,
વળી શોભે વીકટોરીયા બાગ, છે જોવા લાયક મોટો બાગ.
વળી પુલ સાબરમતી જાણો, મહા ભયકર કામ પ્રમાણો,
વળી નદીમા પાણી સુદર વહે છે, લોક ન્હાવા ધોવાને આવે છે.
ત્યાથી પાછા વળો તમે જ્યારે, આવે પાનકોર નાકુ સીધુ ત્યારે,
ત્યાથી રસ્તો રીચીરોડ જાણો, મહા ધોરી રસ્તો પ્રમાણો
શોભે રાતે વીજળી લાઇટ ભભકો, દેખી અજાણ્યાને થાય મનમાં ચમકો;
ત્યાથી આગળ જાઓ ત્યારે, દેખો પાચકુવા રસ્તો ભારે
ત્યાથી સીધુ સ્ટેશન પર જવાએ, સસપુર પુલ સામો દેખાએ;
ત્યાથી જવાએ સસપુર ગામ, છે ભાવસારના મોટા ધામ.
તેનો આપુ છુ અહી ચીતાર, કહે (ભોગી) સુણો નર નાર;

# અમદાવાદમાં જોવા લાયક વસ્તુઓ.

## મનહર છંદ.

જૂઓ તમે શહેર મોટુ, દુનીયામા મળે ન જોટુ;
કાકરીયા તળાવે જઇ, જૂઓ હવા કેવી છે.
શાહઆલમનો રોજો જુવો, અદર બે મીનારા જુવો.

દાતાહરીની તો વાત કેવી તો, બનાવી છે.
સરખેજનો રોજો સારો, મેળાનો ઠાઠ સારો,
રૂપાની તો સાકળ તો, કેવી તો ઝૂકારી છે.
ત્યાથી જુઓ હજીરો, બાદશાહને બેગમ સામા સામી,
માણેકચોક બજાર તો, કેવી તો શણગારી છે.
વેપારનો પાર નથી, લાભ તો લગાર નથી,
શુક્રવારી ગુજરીની, બડી સાઠ મારી છે.
કહે છે ભોગીલાલ ખૂબ મૈ મીલાવ્યો તાલ,
શહેર અમદાવાદની શોભા, કેવી વખાણી છે.

## સ્થલ ( અમુલખનું ઘર )

જન્મ તારીખ ૧૯૧૬ ના આસો સુદ ૧૦ રાતના ચાર વાગે
તે શુભ ચોઘડીયુ.

## ( અવર મદન અલબેલા )

સુણો સખી તમે મ્હારી, અહાહા આજે સુણો સખી તમે મ્હારી,
પુત્રનો જન્મ આજે છે સુદર, માટે ઝુલાવો પારણુ ભારી. અહાહા.
તહેવાર દશરાનો આજે ઉત્તમ, સાલ ૧૯૧૬ સારી. અહાહા.
ભાવસાર જ્ઞાતીમા થાશે દીવો કુખ અજવાળસે ભારી. અહાહા.
પીતાનુ દુખ પોતે વહોરી લેશે, કરશે ચાકરી પોતે સારી. અહાહા.
માતા પોતે બોલે હરખાતી, ધન્ય ધન્ય ઘડી મારી. અહાહા.

## રાગ. (મેમાન કરે મહેમાની દુનીયા કહે દીવાની)

સસપુર સુંદર ગામ, છે ઘણા ભાવસારોના ધામ;
તીહા વસે છે ગોડ ગોડ શાહુકાર, લીલાલહેર લક્ષ્મીનો નહી પાર.

જરી વાત ધરોને કાન, સસપુર સુદર ગામ,
વસતા રાયચદ ભાવસાર, કહેતા ગુણનો ન આવે પાર.
કરતાના ધર્મ ગ્નાન, સસપુર સુદર ગામ,
નહોતો પુત્ર તેને એક, હતું મન ચીતામાં વીશેક.
હતા સુખી ભરેલા ઠામ, સસપુર સુદર ગામ,
એવે અવશર જાણો, અતરાય કર્મ તુટયો માણો.
થઇ આશાને સીજ્યુ કામ, સસપુર સુદર ગામ,
સવત ૧૯૬૬, જીવ તો થયો ચકડોળ.
દશરા શોભે દમામ, સસપુર સુંદર ગામ;
વાગ્યાતા રાતના ચાર, થયો જન્મ તેની વાર.
શુભ ચોઘડીયામા જન્મ માન, સસપુર સુદર ગામ,
ખુશી થયા મા બાપ, વળી ખુશી થયા સૌ આપ,
ધન્ય ઉજવાળશે શુભ કામ સોભે સસપુર રૂડુ ગામ

## ( અપુર્વ અવસર કયારે એવો આવશે. )

માબાપ પુત્રની સારી સ્થીતી જોઇ સવર્ગ વાસ થાયછે તે વખતે તેમનો પુત્ર અમુલખ વીલાપ કરેછે.

માત પીતા તમે મારા પાલણહારજો,
કઇ આવી નહી દીલમા દયા લગારતો.
શાને માટે મુજને મુકી ચાલીયા,
કાઇક કરવો હતો મન વિચારજો. માત પિતા. ૧
જન્મ આપ્યો માતા તમે મને પ્રીતથી,
તેહ તમારો ગુણ કેમ ભુલાયજો

એકલા મુકી જાતાં દયા કેમ આવી નહી,
ચેન પડે ન આપ વીના લગારજો      માત પીતા. ૨
ફીકર પડી મુજને ઘરની તો બધી,
નથી મુને દુનિયાદારીનુ ભાનજો.
માટે કાંઇક વીચાર મનમા લાવતા,
કંઇ પુત્રની દયા ધરવીતી લગારજો.
અરે કાળ તુ મુજ પિતાની વામેતો પડયો,
શરમ આવી નહી તુને કાંઇ લગારજો.      માત પિતા. ૩

# ઘર સંસાર.

## ક્ષત્રી કલંક

ઉમર પુખ્ત જ્યારે તો થઇ,      ધર્મની ટેક ખુબ ઝાલીરે.
પાળે આચાર વિચાર સહીત રહી      ,,
કરે નહી દીલમા અભીમાન,      ,,
રાખે નહી મનમા માન અપમાન.      ,,
રહેતા પોતે મશગુલ વેપાર ધ્યાન,      ,,
ધરતા પોતે ઇશ્વર કેરૂ ધ્યાન.      ,,
એવે પરણ્યા પોતે નાર,      ,,
તેના આપુ હુ અહી ચિતાર.      ,,
કહે ભોગીલાલ સુણો નરનાર,      ,,
કહુ તપન્યા માહત્મ અધિકાર.      ,,

# લગ્ન મંડપ.

## લાવણી ( હું નહીરે વરૂ )

આજે આનદ તો (૨) લાગે છે મુને મનમાંહી;
જોઇ તમાસો આજનો મન મારૂ જાય ઉલ્લસાઇ.
બાધ્યો લગ્ન મડપ (૨) છાટજ ખૂબ ઝૂકારી,
જમણવાર ચાલે પ્રેમથી સગા વહાલાને સાથ બેસારી;
ઘર તો રગીત (૨) શોભે છે સુન્દર સારા.
જાણે ઠાઠ જૂદો દેખીયો જોનારાના મન થાય ન્યારા,
કહુ વાત પ્રેમે (૨) અમુલખનો ઠાઠ જૂદો જાણ,
રાખે નહી દીલમા જરા ભાઈ માન કે બીજુ અભીમાન

## વરઘોડાના ઠાઠ.

### મનહર છંદ.

લગ્ન મડપની ઠેર, આનદ ઓચ્છવ ઘેર ઘેર,
દેખી થાએ લીલા લ્હેર, ચાલો વરઘોડો જોવા
જોયુ માણસ તો અપાર, કહેતા આવે ન પાર,
જોયો ઠાઠ ગુલઝાર, ચાલો વરઘોડો જોવા
આગળ ઘોડા કેરા સ્વાર, પાછળ પોલીસ ચોકી ધાર,
વાગે વાજુ ગુલજાર, ચાલો વરઘોડો જોવા.
જોયો આનદ અપાર, બેઠા ઘોડે વરરાજ,
સાજનનો બડો ઠાઠ, ચાલો વરઘોડો જોવા

### ચોપાઇ.

કન્યા પરણ્યા સારી સુખકાર, નામ પાર્વતીબાઇ નીરધાર,
ગામ વાસણા મધ્યે રહેનાર, શુદ્ધ કુળ જાને ભાતચાર

તેના પિતાનુ નામજ જાણો, દાસ હરઘોવન નકી પીછાણો,
ઘણી રીદ્ધી સીદ્ધી તેના ઘેર, લક્ષ્મી તણી સુદર લીલા લહેર.
તેના ભાઇ સોભે નારાયણદાસ, પુરતાવા ગરીબોની આશ,
નહોતુ માન અભીમાન જરી, કીધી વાત સુણેલી મે ખરી.

**ઘર સંસારની સ્થીતી. (હવે મને હરી નામસુ)**

હવે મને ઘરનીરે જનજાળ લાગી, સમજણના ઘરમાં જાગીરે, હવે.
રંગાટ કારોબાર કરતાવા પ્રેમે, ધર્મ તણુ સાજ સાજીરે. હવે મને.
રંગાટનુ કામ ચાલતુ સારૂ, ને કમાણીનો નહોતો ભાઇ પાર,
સાધુ મુનીનો બોધ સુણીને, જાણ્યુ પાપ અપારેરે. હવે મને.
ત્યાગ્ય કરી વેપારજ પોતે, ને કરતાવા નસારી કામ;
દુખ પડયુ ભાઇ ઘણેરૂ ઝાઝુ, મુકી નહી જરી હામોરે હવે.

અમુલખભાઇના બે પુત્રનો જન્મ કયા દીવસે થયો તેની ઘણી તપાસ કરતા કઇ દાખલો અથવા ચોકસ મીતી મળી નહી. તેથી પુત્રના જન્મની સાલ આપી નથી.

પુત્ર તણો જન્મ થયો ભાઈ જયારે, થયોજ હર્ષજ અપારીરે, હવે.
નામ પાડયુ ભાઈ સુદર હરજી, પાળશે આજ્ઞા સારીરે. હવે.
એમ કરતા દીનજ વીત્યા, પુત્રી જન્મી સુખ કારીરે, હવે.
સમુ પસી એ નામજ પાડયુ, પુત્રી થશે ગુણ કારીરે. હવે
પુત્ર બીજો મોહન જાણો, થાશે પુરો ભાગ્યશાળીરે, હવે.
કહે ભોગીલાલ સુણો ભાઇ સજ્જન, આગલ કહુ હકીકત સારીરે હવે.

**ગઝલ. (પોતાનો ભાઇ ગુજરી જવાથી અફસોસ)**

પડયુ ભાઈ દુખનો ઝાઝુ, કર્મ ને શર્મ તો નથી,

હતો ભાઇ બંધવ સારો, વીકમલાલ પ્રાણથી પ્યારો.
થયો ભાઈ અંતે ન્યારો, ,,
હતી ભાઇ મોટી તો આશા, થઈ ગઇ તેહ નીરાશા;
પડયા ભાઈ અવળા પાશા, કર્મ ને શર્મ તો નથી.
અરે ભાઈ તુય કાંય ગયો, મુકીને જુદો ક્યાં થયો;
વીશ્વાસ દઇને તુ ગયો, ,,
અરે હાય બંધવ મારો, થયો ભાઈ મુજથી ન્યારો;
નસીબનો હુ બન્યો ખારો, કર્મ ને શર્મ તો નથી.

## કાળ કોઇને મુકે નહિ.

### હરીગીત.

મોતી તણી માળા ગળામાં, મુલ્ય વતી મલકતી;
હીરા તણા શુભ હારથી, બહુ કઠ કાંન્વી ઝળકતી.
આભુષણોથી ઓપતા, ભાગ્યા મરણને જોઇને,
જન જાણીએ મન માનીયે, નવ કાળ મુકે કોઇને. ૧
મણીમય મૃગટ માથે ધરીને, કર્ણ કુડલ નાખતા,
(કાચન) કડા કરમા ધરી, કશીએ કચાશ ન રાખતા.
પળમા પડયા પૃથ્વી પતી, એ ભાન ભૂતલ ખોઇને,
જન જાણીએ મન માણીએ, નવ કાળ મુકે કોઇને. ૨
દશ આગલીમાં માંગલીક, મુદ્રા જડીત માણ્યકથી,
જે પરમ પ્રેમે પહેરતા, પોચી કળા બારીકથી,
એ વેઢ વીંટી સર્વ છોડી, ચાલીઆ મૂખ ધોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મુકે કોઇને ૩

મુછ વાંકડી કરી ફાકડા થઇ, લીંબુ ધરતા તે ખરે;
કાપેલ રાખી કાતરા, હર લોકના હૈયા હરે.
જે સાકડીમાં આવીયા, ભટકયા તજી સૌ સોઇને;
જન જાણીએ મન માનીએ, નવ કાળ મુકે કોઇને. ૪
છ ખડના (અધીરાજ) જે, ચડે કરીને નીપજ્યા;
બ્રહ્માડના બળવાન થઇને, ભૂપ ભારે ઉપજ્યા.
એ ચતુર ચક્રી ચાલીયા, હોવા (ન) હોવા હોઇને;
જન જાણીએ મન માનીએ, નવ કાળે મુકે કોઇને. ૫
જે રાજ્ય નીતિ નિપુણતામા, ન્યાવતા નીવડયા;
અવળા કરે જેના બધા, સવળા બધા પાસા પડયા.
એ ભાગ્યશાળી ભાગીયા, તે ખટપટો સૌ ખોઇને;
જન જાણીએ મન માનીએ, નવ કાળ મુકે કોઇને. ૬
તરવાર બહાદુર ટેક ધારી, પુર્ણતાના પેખીયા;
હાથી હણે હાથે કરી એ, કેશરી સમ દેખીયા.
એ ચતુર ચક્રી ચાલીયા, હોવા નહોવા હોઇને;
જણ જાણીએ મન માનીએ, નવ કાળ મુકે કોઇને ૭

જયારે પોતાના માતા પિતા તથા ભાઇ બધા ગુજરી ગયા ત્યારે આખા ઘરની (જનાળ) પોતાના માથે પડી તે વખતનો પોતાનો અભીપ્રાય તથા કર્મની ખુબી તથા સંસારી દેખાવના નવા નવા રંગ પોતાની સમક્ષ થઇ ગએલા બનાવોનો ચીતાર પોતે દર્શાવે છે.

## ગઝલ.

સમજ મંન જાણી લે સુપના, સમજ દીલકો નહી અપના;
જગતના ખેલ છે ખોટા, કે જેમ પાણી પરપોટા.

માનીશ નહી ભાઈ તુ મોટા, સમજ દીલકો નહી અપના,
ગયા માતા પિતા મ્હારા, ગયા ભાઇ બંધુ મુજ પ્યારા.
નસીબના ખેલ છે ન્યારા, સમજ દીલકો નહી અપના,
હતી નહી કઇ ઉપાધી, હતી નહી કઇ મુને વ્યાધી.
રહેતો હુ નીશદીન રાજી, સમજ દીલકો નહી અપના,
સસારી ખેલ છે જુદા, વખત આવ્યા ઘણા ભુડા.
વાચો શાસ્ત્રના રુડા, સમજ દીલકો નહી અપના;
કહે છે પ્રેમે ભોગીલાલ, જુઓ સંસારીયોના તાલ.
નથી ભાઇ જગતમાં માલ, સમજ દીલકો નહી અપના;

આવી રીતે પોતે સંસારી અનેક કારોબારની અંદર ઘણા પોતે મુઝવાઈ ગએલા પરતુ પોતાની ધર્મ ટેક બરાબર સાચવી હતી અને પોતે તપસ્યા તથા તપ વ્રત પણ ઘણીક બાબતના ધર્મના લ્હાવા લીધા હતા. અને પોતાના કુળ સોભાવનાર બે દીકરા પણ હતા તથા પુત્રી પણ બે સારી ગુણીયલ હતી વીશેશ વલી સમતા પણ પોતાની સારી હતી. અને જાતે અમુલખ ભાઇ કે જેવુ નામ તેણા કરતા ગુણ વીશેશ હતા કહેતા અગર લખતા બીલકુલ પાર આવે નહી પોતાના કુટુબની યાદી.

## રાગ બનજારા લાવણી.

સુણો વાત તમે સર્વે મ્હારી, કહુ વાત તમોને વીસ્તારી;
જ્ઞાતે હતા પોતે ભાવસાર, હતા ન્યાત તણા શણગાર.
વળી શોભે કુટુબ સ્થીતી સારી, કહુ વાત તમોને વીસ્તારી;
પિતા તેમના રાયચદ જાણો, માતા મધુબાઇ તેમની પ્રમાણો.
વળી શોભે પુત્ર બે સુખકારી, કહુ વાત તમોને વીસ્તારી,

નામ મોહન હરજીવન જાણો, વનીત આગ્નાકારી પ્રમાણો.
પાળે આગ્ના પિતાની ખુબ સારી, કહુ વાત તમોને વીસ્વારી,
વળી પુત્રી બે મોટી બે ભાઇ, નામ પસી સમુ સુખદાઇ.
પાળે આગ્ના માતાની દીલધારી, કહુ વાત તમોને વીસ્વારી,
વળી ભાયાતના ઘર મોટા, નહી મળે ગ્નાતમાં જોટા.
છે સુખી ગ્નાત ભાવસારી, કહુ વાત તમોને વીસ્વારી;
વાત કહેવા બહુ લંબાયે, કલમ મારી બહુ શરમાયે,
કહે લાલ ભોગી વાત સારી, કહુ વાત તમોને વીસ્વારી.

આવી રીતે સંસાગની અંદર પોતે પોતાના દીવસો નીર્ગમન કરેછે તે દરમ્યાનમા પોતાને ધર્મના ઉપર ઘણી શ્રધા મોટી થઇ અને પોતે ફકત બે વરસ સુધી મીલમાં નોકરી કરી ધર્મ ધ્યાનમાં પોતે મશગુલ રહેતા હતા જે ઘડીએ નોકરી કરતા તે વખતે પોતાને નોકરી ઉપર ધી-ટકાર ઘણો આવ્યો ત્યારે નીચે પ્રમાણે પોતે નોકરીને ધીકકારવા માંડયા

### ગજલ.

કરોજો ભાઇ મ્હેરબાનો, કદાપી નોકરી સારી;
નહી ભાઇ કદર થાવાની, કદર જ્યા કામની વારી.
કરોજો શેઠ મહેરબનો, કરોજો રોજ સલામી,
કદાપી થાઓ ગુલામો, કદર ત્યા કામની વારી.
કદાપિ શેઠના સાળા, કે મસકા બાજી કરનારા,
ગરીબોનુ ભુડુ ધરનારા, કદર વીન નોકરી કેવી.
કદાપી પાંચકે પચાસ, કદાપી (સો) કે હજાર;
નહી ભાઇ કીમત લગાર, કદર વીન નોકરી કેવી.
કહેજો હાજી મસાલી, પીવાડે ચ્યાહની પ્યાલી.

રમાડે હાથમાં વાલી, કદરવીન નોકરી કરવી
ભણે ભાઇ દશકે બાર, કીમત નહી કામની લગાર;
હશે ઘેર કેટલા ખાનાર, કદર વીન નોકરી કેવી.
કહેતાં હુ શરમાઉં છુ, નોકરી કરતાં લજવાઉંછુ;
બાવીને દોશ આપુછુ, કદર વીન નોકરી કેવી.

આવી રીતે નોકરીને ધીકકારી પોતે નોકરી છોડી ફકત ધર્મધ્યાન માં પોતાનો આત્મા ચોટી ગયો અને પોતે સવત ૧૯૬૩ના શ્રાવણ વદ ૧૩ના દીવસે પર્યુસણ ત્હેવારની અંદર ( મોટાવ્રત ) ની બાધા (દપતી) જોડલે લીધી હતી તે વખતનો ચીતાર.

## ( ક્યાંથી આ સંભળાય મધુર સ્વર )

બાધા લીધી સુખકાર સજ્જનો મારા બાધા લીધી સુખકાર;
સંસારની આધી વ્યાધી મુકીને ધ્યાન ધરે કીરતાર. સજ્જનો.
પુત્ર પુત્રીની જોડી શોભીતી કહેતા ન આવે પાર, સજ્જનો.
મોટુ વ્રત આદર્યુ પોતે દપતી જોડ સુખકાર. સજ્જનો.
સવત ૧૯ સાલ ત્રેસઠની રૂડા પર્યુષણ તહેવાર, સજ્જનો.
બાધા પોતે લઇને પ્રેમે પાળે ખાડા કેરી ધાર. સજ્જનો.
કહે ભોગીલાલ સુણો સજ્જન શીયળ પાળો નરનાર. સજ્જનો.

## ( બ્રહ્મચર્ય પાળનારા સમર્થ પુરૂષો )

લાવણી. (સુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી)

કહુ વાત શીયળની સાર પ્રેમે હુ ભાઇ; (૨)
કરો કાંઇ તમે વીચાર ધરી મનમાહી.
જુઓ વીજ્યા શેઠ વીજ્યા શેઠાણી જાણો,

સુક્લ ક્ષ્ણ પક્ષ નીયમ લીધો તો છાનો.
પાળે બાધા પોતે મુકી શેજ્યામાં નરવારી;
ધન્ય ધન્ય વીજ્યા શેઠ વીજ્યા શેઠાણી.
કહુ ગુણ તેમના કહેતા ન આવે પાર;
તમે સુણો અધીકાર દુખ તમારા જાવે.
તમે સુણો ભાઇ વાત તમારા મંનમાં,
પરણ્યાતા જમ્બુ કુમાર તજી દીધી પળમાં
ન જોયો વીષયમાં સાર લગારજ ભાઇ
જાણ્યો વીષય અસાર છેવટ દુખદાઇ.
કહે ભોગીલાલ પ્રેમે સુણો નરનારી,
રાખોને શીયળવ્રત જ્ઞાન ઉતરો ભવ પારી.

બાધા લઇ પોને પોતાનો કાળ ધર્મ વૃતીમા કાઢવા માડયા અને પોતે તપસ્યા વીગેરે તપ પણ આદરવા માડયા અને છેવટે પોતે દુનીયામા જેટલી જાતની વનસ્પતી લીલવણ વીગેરે જે કહેવાય તે પોતે બે વરસ સુધી ત્યાગ કરી ધન્ય છે આવા પાચમા આરામા આવી સમતા રાખવી અને સસાગીપણે જે કઇ તપ આદરવાને કઇ નાની સુની વાત નથી ગૃહસ્થો આ પુરૂશે ઘણા કષ્ટો વેઠી છેવટે પોતે પોતાના આત્માનુ કલ્યાણ કેવી રીતે કરશે તે આગળ વાચવાથી ઘણી રમુજ પડશે.

## દોહરો.

કહેનાતો બડા સ્હેલ હે, કરના બહુ મુસ્કેલ,
કરનાતો બહુ સ્હેલ હે, કેના બહુ મુશકેલ.

## પીલુ.

વાત કહુ શુ મન વીચારી, સુણો તમે પ્રેમે નરનારી. વાત.

બે વરસ સુધી લીલવણુ પોતે, ખાધી નહી કઇ ચીજ કોઈ સારી. વાત.
કહે તપસ્યા ઘણીજ પોતે, કહેતા ન આવે પાર લગારી. વાત.
ઘરમા પોતે જીવ ન રાખે, મુકી દીધી સસાર દરકારી. વાત.
પ્રેમ ધરીને સુસ દાનને, કરતાતા પોતે કાળ વ્યતીતકારી. વાત.
કહે ભોગીલાલ સુણો પ્રેમે, આગળ કહુ વાત લબાવી સારી. વાત.

હવે પોતે પોતાનાથી બનતો ધર્મ પ્રયાસ કરતા કરતા ઘણા વરસ વીતી ગયા ત્યારે પોતે તદન ધર્મના કામમા મશગુલ રહેવા માંડયા. તેથી પોતાને આ સસાર રૂપી દરીયામાથી કોઇ રીતે મુકત થવા વીચાર કરવા માડયો અને પોતે આ જૈન મારગ અમુલ્ય ચીંતા મણી રત્નને વખાણતા પોતે ધર્મમા તાલ્લીન બની જાયછે.

## રાગ ( સેહા તારો ખુબ છે દહાડોરે )

કરો જૈન ધર્મ વહાલોરે, મીથ્યાત ધર્મ મુકોને ઠાલોરે;
પ્રભાતે પ્રભુને સભાલોરે, ગુરૂજીને વાદવા ચાલોરે.
માત પિતા [અને) સુત ભગીની, પ્રીયા પરણેલી નાર;
સ્વાર્થની સૌ માયા જગતમાં, કરોને મન વીચાર
પીયો નહી વીષનો પ્યલોરે, કરો જૈન ધર્મ વહાલોરે;
આ તન રગ પતગ સરીખો, જાતા ન લાગે વાર,
ભાવથકી ભગવત ભજીલો, પ્રેમે ભજો કીરતાર,
ખોટા જાણો જગતના પ્યાલોરે, કરો જૈન ધર્મ વહાલોરે.
રાગ દ્વેષને ચોરા ચડાળને, દેહથી કરજો દૂર,
સુખ મળશે સીધ્ધ ગતીનુ સામુ, જાણજો તમે જરૂર.
વચન સીધ્ધાનના પાળોરે, કરો જૈન ધર્મ વહાલોરે,
શીળ નમાની શાવક કહેછે, સુણો બાળીક જન વાત

નીતી કેરા શાસ્ત્ર વાચો, પાળો મહાવીરની વાણ;
પીયો ગુરૂ બોધનો પ્યાલોરે, કરો જૈન ધર્મ વહાલોરે.

આવી રીતે પોતે પોતાના મનના વીશે ઘણો વીચાર કરતાકરતા છેવટે પોતાની આખર સ્થીતી આવીને ઘડીયે પોતાને આ શરીરના અવ યવો ઉપરથી મમતા ઉતારી પોતે અણસણ કરવા વીચાર કર્યો ગૃહસ્થો ધન્યછે આવા પુરૂષને જે છતી રીધ્ધી સીધ્ધી ત્યાગીને બાળ બચ્ચા કુટુ બ કબીલા (સ્ત્રી) આદીને ત્યાગ કરી શરીર ઉપરથી તેમજ મસાર રૂપી દુખ દરીયામા પોતાના પીડાતા જીવને જોઈ પોતે તદ્દન નીસ્પૃહીત બની. પોતે પોતાના સરવે કુટુબ કબીલા તેમજ સગા વહાલાને બોલાવી પોતે પોતાનો વીચાર દર્શાવા માડયો

## દોહરો.

સંસાર ઝેરનો પ્યાલો ભાઈ, જાણ્યું હુ આજથી,
અણુસણ પચકવુ મ્હારે, આજ્ઞા આપો મુને પ્રેમથી.

## રાગ. (સરસ મહીઆ જમવા અભી)

વાત સુણો જે આ વાર, ઓ સજ્જનો મારા વાત સુણો આ વાર.
ઉમગ આવ્યો મને આજ ”
પ્રેમ ધરીને આજ્ઞા આપો, ઉતરવુ ભવપાર ઓ સજ્જ.
આ સસાર મે ઝેરનો પ્યાલો, જાણ્યો મે મનમોઝાર. ઓ સજ્જ.
આવ્યુ સ્વપનુ રાત્રેજ મુને, તેથી કર્યો મે વીચાર ઓ. સજ્જ.
તેથી બોલાવ્યા સગા વ્હાલાને, વળી બોલાવી તેની નાર ઓ સજ્જ.
આના કાની કરી ઘણી અમુલખે, આપુ આગળ હુ ચીતાર ઓ. સજ્જ.
કહે ભોગીલાલ સુણો સજ્જન, પ્રેમે સુણો નરનાર. ઓ. સજ્જ

અણુમણુની આજ્ઞા માગતા પોતાની સ્ત્રીને દરેક વાત દાખલા તથા સંસારીના ખેલ તથા ક્ષણ ભંગુર દેહના ઘડીના ભરૂષા નથી તેવુ સમજાવી પોતે પોતાની સ્ત્રીને નીચે પ્રમાણે સમજાવે છે

**અમુલખ પોતાની સ્ત્રીને કહે છે:—**

શાને તમે શાણી, કેમ ગભરાઓ, (૨)
હીંમત ધરીને ધર્મજ કરજ્યો.
જરી નહી ગભરાઓ, શાને તમે શાણી, કેમ ગભરાઓ;
આવ્યા ખાલી જવુજ ખાલી.
શીદ જીવ કલ્પાઓ, શાને ,,
હીમત ધરીને રજાજ આપો, લેવા ધર્મનો લ્હાવો. શાને.

## (સ્ત્રી) પોતાના પતીને કહે છે:—

**રાગ. (ઓધવજી સંદેશો)**

હાથ જોડીને કહુ છુ પતી હુ આપને;
શાને માટે પચકો અણુસન આકરૂ.
આજ્ઞા આપતા જીવ મારો કચવાયજો,
હાથ જોડી ને કહુ છુ પતી હુ આપને. ૧
બાળ બચ્ચા છે હજુ નાનુડા બાળજો,
લાવો તમે કઇ દયા મનમા લગારતો.
રૂવે છે પુત્ર પુત્રી પતી આપના,
આવુ દુખ મુજથી સ્વામી નવ સહેવાયજો હાથ. ૨
આજ્ઞા આપતા જીભ મારી ટુકી થાયજો.
કહેતા (હા) ત્યા સ્ફુર આનુની થાજો

માટે સ્વામી કરો વીચાર તમે મનમાં,
કહેતા આવે મુને શરમ અપારજો હાથ. ૩
આ રાંક દાસીની દયા લાવજો દીલમા,
ક્રોધ કરશો નહી મુજપર સ્વામી ક્ષાયજો.
વીનતી સ્વીકારો આ રાંક દાસીની,
અને તે કરે ધર્મ ધ્યાન ઘેરજો. હાથ જોડી. ૪
આ દાસીની હીમત બધી તો ખુટી ગઇ,
આપ ગયા પછી મારે કોનો આધારજો.
દયા કરીને વચન માનો સ્વામી માહરૂ,
માનો માનો મારૂ કહ્યું સ્વામી નાથજો હાથ ૫

આવી રીતે પોતે ઉપાશ્રયની અંદર પોતે ઘણા કાલાવાલા સાથે પોતાના પતીને અણસનની આજ્ઞા ન લેવાને બહુ સમજાવવા માડયા પણ વીવેકીલો પુરૂષ ધર્મ ચુસ્ત માણુસ અમુલખ પોતાની બીલકુલ કીંચીત માત્ર પણ શ્રદ્ધા ફેરવી નહી. અને પોતે નીચે પ્રમાણે પોતાના સગાં વહાલાને સમજાવવા સારૂ એ ધર્મ શીક્ષાના બોલ સંભળાવે છે.

## રાગ. (ધરો કાંઇ હીત શીખામણ ધ્યાન)

સુણો કઇ વાત મારી જરી કાન, રાખોને મહાવીર ઉપર ધ્યાન,
કરો કઇ વાત વીચાર જ્ઞાન, રાખોને ધર્મ ઉપર ધ્યાન.
ગયા રાણાને ગયા રાજવી, મુકી રાજને પાટ,
અંત સમે ભાઇ સાથે ન આવી, પડી તુટેલી ખાટ. સુણો.
મહેલ માળા તે ખુબ બનાવ્યા, ખરચ્યા અગણીત દામ,
અંત વખત જ્યાં આવ્યો ઝપાટો, મુકી ગયા તમામ. સુણો.
માટે ભાઈ મહેર કરીને, કરો જે સુકૃત કામ,
સાથે આવશે કરી ભલાઇ, બીજુ મહાવીરનુ નામ. સુણો

કહે ભોગીલાલ પ્રેમે સજ્જન, ત્યાગો કુ વીચાર,
નેક દાનતથી પ્રભુ ભજશો, તો ઉતરશો ભવ પાર. સુણો.

જ્યારે ધણી આનાકાની કરી અને ધણા બોધ આપી છેવટે પોતે પોતાના સગાવહાલાને સમજાવીને પોતે આજ્ઞા લેવાને રાજી ખુશીથી પોતે પોતાના બાળ બચ્ચા પોતાની સ્ત્રી વીગેરેની રૂબરૂમા પોતે દરેક સગા વહાલાની સાથે પોતે આજ્ઞા માગી અને પોતે પોતાની કાયાનુ કલ્યાણુ કરવા એકી નેક દાનતથી કરવા તત્પર થયા. સવત ૧૯૭૧ના બીજા વૈશાક વદ ૧૧ ના દીવસે પોતાને ત્રણ ઉપવાસ પુરા થએલા તે દરમ્યાનમા પોતે પોતાનો વીચાર બહાર પાડી. શ્રી દરીયાપરી ગચ્છ સમુદાય પુજ્ય માહારાજશ્રી ૧૦૦૮ અનેક ગુણે કરી સહીત પચ મહાવ્રત પાલણહાર છકાયની રક્ષા કરનાર અનેક ચારીત્ર પાલણહાર, અનેક ગુણના ધણી એવા પુજ્ય સાહેબ પોતાના શીષ્યો સહીત સસપુર ગામની અંદર પધાર્યા તે વખતે અમુલખે સારી સ્તુતી કરી, મુનીને ૧૦૦૮ વાર વદણા કરી પોતાનો વીચાર દર્શાવ્યો.

## ( રૂગનાથજી સ્વામીજીની સ્તુતી )

### ( સાર્દૂલ વીકડીત )

આનંદે નમુ પ્રેમથી મુનીવરાજ્યવરા, ગચ્છ નાયક સ્વામી ઓપતા;
પચો મહાવ્રત પાળતા મુની વરા, સપતા વીશો ગુણો શોભતા.
આનદે સુત્રો વાચતા મન ધરી, ભવીક જીવને બુઝાવતા;
વદે સેવક પ્રેમથી મુનીવરા, વદુ પ્રીતે સર્વદા

## ચોપાઇ.

અમુલખ–પુજ્ય રૂપ્રનાથજી સ્વામી પ્રત્યે –

સ્વામી આજ વીચાર થયો મ્હારો, કરવા જીવનો ઉદ્ધાર કઇ સારો;
લાગે ઝેર જેવો સસાર, કરવા કઇક વૃત મારે વીચાર.
પાળીશ હુ સ્વામી ખાડા કેરી ધાર, મારે ઉતરવુ ભવપાર;
જોયો નહી મે કીંચીત સાર, ગયો માહરો સ્વામી એળે અવતાર.
માટે કરવા અણસણ ધારૂ, આપો પચખાણુ સ્વામી મુને વારૂ;
કરો નહી સ્વામી તમે જરી વાર, જાય ઘડી લાખેણી મન ધાર.
માટે પચકાવો અણસણ સ્વામીનાથ, મારૂ દુખ કાપોને કૃપાનાથ;
એમ કરતા મુનીશુ બોલે, મનના અમૃત વચન પટ ખોલે.
છે કાળ પચમ આરો જાણ, તેથી અમુલખ રાખ્ય જરી ભાન;
નથી ભવીશ્ય વકતા કોઇ સસાર, ગ્નાની વીના ભાગે ન સાસો લગાર.
માટે કરો તપસ્યા બનતી ભાઈ, રાખો જીવ દયાની સચ્ચાઈ;
કરો બને તો ગરીબ કેરો કામ, ધરો ધર્મ સ્થાનક ઈશ ધ્યાન.
આપ્યો બોધ જરી નવ સમજ્યો, એક વાત વીચારમાં ખુઝયો,
છેવટ ખુલાસો એવો આપ્યો, સાઠ ઉપવાસ પચખાણ સ્થાપ્યો.
આપ્યા સાઠ ઉપવાસ પચખાણ, ધન્ય અમુલખે કીધુ શુભ કામ;
રાખશે સમતાને અપાર, કહે ભોગીલાલ સુણો નરનાર.

જે ઘડીયે તપસ્વીજી અમુલખભાઇયે તપસ્યા આદરી અને પચખાણુ ધારણ કર્યા તે દરમ્યાનમા બાર ઉપવાસ થયા ત્યારે આ ચોપડીનુ ઉપાર્જન કરનાર ભોગીલાલ તે ઘડીયે હીંદુસ્તાનની મુસાફરી કરવા ગએલ ને જ્યારે પાત્રીસ ઉપવાસ તપસીજીને થયા તે ઘડીયે અમદાવાદ હુ દાખલ થયો.

# (મુસાફરી)

## મનહાર.

ગયો જ્યારે હીંદુસ્તાન, ભુલીબાઇ તપસ્યાનુ ભાન;
અહીથી ગયો આગ્રા, અજમેર લાઇન થઇને.
ત્યાથી ગયો કાશગંજ, ફરૂખાબાદ વળી,
ત્યાથી ગયો મોટી લાઇનિ, કાનપુર થઇને.
કાનપુર ઉતર્યો જ્યારે, જોયો ઠાઠ બહુ ભારે;
બાબુ તણી ધર્મશાળા, ઉતર્યો રાતે જોઇને
ત્યાથી ગયો બરેલી, સીટી બરેલી થઇને;
ત્યાથી ગયો નગીના ધામપુર, લાઇનિ થઇને.
ત્યાથી ગયો કાટ ગુડામ, તેની તાલ જોવા સારૂ;
હવાનુ સારૂ ઠેકાણુ, જોવા ગયો ચાહીને.
હીમાલય પર્વત જોયો, તળેટીમા મન મોહ્યો,
પુલ જોયો ઘણો મોટો, હતો ખૂબ લંબાઇને
મુરાદાબાદજ આયા, સરાઇમાં મુકામ પાયા;
દેશ દેખીને હરખાયા, વાત કહુ લંબાવીને.
ત્યાથી ગયા દીલ્લી જોવા, ગયા જુના ધામ જોવા;
નવી દીલ્લીમા મોહોવા, ગયા અમે ચાહીને.
કુતુબમીનારો જોયો, ઘણો ઉંચો ખુબ જોયો,
દેખી મુજ મન મોહયો, બધાવ્યો બાદશાહીને
ત્યાથી આવ્યા ખારચીને, પાલી શહેર જોવા ગયા,
આવ્યા પછે અમે અમદાવાદ પ્રેમે ચાહીને

કહે છે ભોગીલાલ મુસાફરી કીધા વાલ,
ગયા તો લેવાને માલ, લાભ પુરો લેવાને.

## ગજલ.

કર્યું છે કામ શુરવીરનુ, કહુ છુ ધન્ય છે તમને,
કહુ છુ ધન્ય છે તમને, ઉગારો ને હવે અમને. કર્યું છે.
જનેતા કુખ અજવાળી, અણુસણુ આકર પાળી,
સ્વીકારો વંદણા મ્હારી, „
માયા મદ મોહને ત્યાગી, પ્રભુની બંદગી માગી,
ચક્ષુઓ જ્ઞાનની જાગી. „
પ્રભુની બંદગી કરજો, કરમ દળ શત્રુને હણજો,
મહાવીરના જાપને જપજો „
જગતના ખ્યાલને છોડી, પ્રભુથી પ્રીતડી જોડી;
સબંધ સમાગ્નો તોડી „
પ્રતીવ્રતા સતી નારી, કરતી ભકતી બહુ સારી,
સમય મોના સમો ધારી „
ત્રીવીધી તાપને ટાલ્યા, તપ અગનીથીજ બાળ્યા;
નરક દવારા દીધા તાળા ,
જગતનુ દુખ ગુમાવ્યુ, સરસપુર ગામ શોભાવ્યુ;
અમુલખ નામ દીપાવ્યુ, સરસપુર ગામ શોભાવ્યુ.
કહુ છુ ચીત હીત લાઇ, સુણો શ્રાવક સુખદાઇ,
તમે શીવ પદવી પાઇ „

સરખી સાહેલીઓ મળી તપસીજી ગુણગાતી વંદણ આવે છે.

## રાગ. [પુનમ ચાંદની]

ગાનો સમીયો જોયે વંદણુ કરવા પ્રેમથીરે.

કીધી તપસ્યા સારી સુખકાર,
પ્રેમે વહાલી બેન્હો અમુલખને વાદજોરે.

## સાખી.

કુળ જ્ઞાતી રૂડી ઘણી, જ્ઞાતી છે ભાવસાર;
માન મધુભાઈ શોભતા, પિતા રાયચંદ ધાર.
પામ્યુ જનેતાની કુખે એક રતનતોરે,
જેણે ઉજવાળયુ ભાવસાર કેરૂ કુળ. પ્રેમે વ્હાલી.

## સાખી.

સમતા રાખી છે ઘણી, દુર્ગંધ નહી લગાર,
ટેકે તપસ્યા આદરી, ધન્ય અમુલખ અવતાર.
ધન્ય ધન્ય તમારી ટેક ખુબ ભલારે,
કીધુ ખુબ ગજા વગરનુ કામ પ્રેમે વ્હાલી.

## સાખી.

ચાલ સખી હવે મહારી, કરીશ નહી જરી વાર,
આવે વદણ કારણે હજારો નર નાર
સસપુર મધે સુણ સખી મેળો ભલોરે,
આવે દરશન કરવા અન્ય મતીના લોક. પ્રેમે વ્હાલી.

## સાખી.

કહે ભોગીલાલ પ્રેમથી સુણો તમે નરનાર,
ચરીત્ર કહુ પ્રેમથી આગળ સુણો અધીકાર.
ધન્ય આવા પુરૂષને વદુ પ્રેમે હુ વળીરે,
જેણા ગુણનો કહેતા ન આવે પાર પ્રેમે વ્હાલી

## લાવણી.

ઘણી તપસ્યા કીધી આકરી ટેક ખુબ ઝાલી
મનુષ્ય જન્મ સફલ કરીને પોધી ધર્મ ખ્યાલી.
સમતા અને ટેક જોઇને લોક ખુશી થાતા,
ગાઉ ગાઉથી દેશ દેશાવર દરશન બહુ આવતા.
કાઢ્યુ રસોડુ પ્રેમે ભાઈ મુસાફરને સારૂ,
ધર્મની બહુ ઝાહેરજલાલી ખુબ કીધી વારૂ.
સમતા રાખી તેની નારીએ વાત કહુ શુ ભાઈ,
અમુલખનુ નામ સુણતા ઉપજે મુને ઘણી નવાઈ.
કહે બાગીલાલ સુણો સજ્જન આગલ વાત બહુ સારી,
ભુલ ચુકની માફી આપી વાચશો નરનારી

## લાવણી.

ચાલીશ ઉપવાસ થયાજ જ્યારે ગાત્ર રંગ બદલાયા,
મુની ચોમાનુ ત્યાજ બીરાજે હરજીવન રાયા
ભવીક જણ વાત કહુ સારી સાભળો તમે નરનારી,
આવે દરશન દેશ દેશથી લોક સુણી ને ભાઈ
અમુલખે અણુસણ પચક્યુ એમ બોલે ઉલમાઇ,
કહુ હુ વાત બહુ સારી સાભળો તમેજ નરનારી.
મેળો ભરાતો સસપુર ગામમા ધર્મ ધ્યાન બહુ થાતું,
ભીલો મજુર તથા અન્ય મતીનુ દરશને લોક ભરાતુ.
પચકી તપસ્યા ખુબ ભારી બોલતા એમ નરનારી,
થયાજ ઉપવાસ જ્યારે વધારે થઇ શકી હીણ કાઇ (કાયા)
લોક દરશન આવે ત્યારે પામતા મનમા નવાઈ,

ધન્ય ભાઇ ટેક ખુબ ધારી બોલતા એમ નરનારી.
મડપ બાધ્યો ઘણો મજાનો છાઠ આગળ ઝુકાઇ,
આવ્યા ગયાને સારૂ બેઠક મઝેની ગોઠવાઈ.
કરતા સરભરા બહુ સારી પાતા સાકર ઠડા વારી,
વાત કહુ ઘણી લબાવી કલમ જગી થરડાઇ
કહે ભોગીલાલ સુણો સજ્જન કીધી ખુબ નવાઇ,
વદુ હુ અમુલખને ભાઇ મન વાછીત મનોરથ પાઈ.

હવે આ પ્રમાણે જ્યારે પોતાને ઉપવાપ ચાલીશ ઉપર થઈ ગયા ત્યારે પોતાના ગાત્ર રગ બદલાયા અને પોતાની જે શકતીઓ હતી તે પણ મદ પડી ગઈ અને પોતે અતકાળની અણી ઉપર આવી ગયા તે વખતે પોતે પોતાની સ્ત્રીને બોલાવાને નીચે પ્રમાણે બોધ આપે છે. (ગ્રહસ્થો આ વખતે અમુલખ બોલેલા હતા નહી પરતુ ચોપડીની અંદર રહસ્ય મુકી લોકોનુ અતઃકરણ બુઝાવા ખાતરજ વીષય આપવામા આવ્યો છે. )

હવે અમુલખ અને તેની સ્ત્રીને સવાદ થાય છે.

## [રાગ] ભેખરે ઉતારો રાજા ભરથરી.

**અમુલખ**–સુણ સુણ સ્ત્રી તુ માહરી કહુ છુ એક તુને વાતજી,
આ સસાર અસાર છે રાખજો ટેક ધર્મ ધ્યાનજી,
માનજો શીખામણ માહરી.
કુટુબ કબીલો કોઇનો થયો નથી થનારજી,
આવ્યા એકલા જાવુ એકલા સાથે પુન્ય ને પાપજી. માનજો

**સ્ત્રી**— ધન્ય ધન્ય સ્વામી આપના ગેવુ તમારા પાયજી,

ભાગ્યશાળી સ્વામી મને કરી સફળ કર્યો મુજ અવતારજી.
શીખામણ માથે હું ધરૂ.
કીધુ કહાવ્યુ સ્વામી આપને કરજો માફ સ્વામી આચારજી,
દાસીનો અવગુણ ધરશો નહી લળી લળી લાગુ સ્વામી પાયજી.
શીખામણ.

અમુલખ–સાધુ મુનીનો બોધતો સુણજો ધરી શુભ ધ્યાનજી,
ચોરી કુડ કપટથી વેગળા રહેજો સમજી મનમાહીજી.
માનજો શીખામણ માહરી.
ખોટુ લાવશો નહી મન વીશે પાળજો તમ સંતાનજી,
શુભ શીખામણ તેને આપજો ધરજો ધર્મ કેરૂ ધ્યાનજી.
આટલી શીખામણ મારી માનજો.

કવી— શકતી વગરનું બોલતા આવ્યુ કાયાને જોરજી,
શીખામણ આપીને સુઝવી ઉતાર્યો તેનો તોરજી.
ધન્ય ધન્ય આવા પુરૂષને.

હવે અંત વખત સુડતાળી ઉપવાસ થયા ત્યારે દીવસમા બે ત્રણ વખત જીવ ગભરાઈ ગયો ત્યારે પોતાની પથારી ઓરડાના પોતાના ઘરમાં લીધી તે વખતે પોતાની શ્રદ્ધા એક અરીહંત પરત્મા ઉપર હતી અને તે પોતે મહા અઘોર અટવીમાથી મુકત થવા માગતા હતા તો પરમાત્માએ તેમણે સારી બુદ્ધી આપી સારો રસ્તો સુઝાડયો હવે જયારે પોતાને સુડતાળીમો અપવાસ પુરો થઇ ગયો ત્યારે પોતાના શરીરની વદન સ્થીતી બદલાઇ ગઈ પણ પોતાનો શ્વાસ લેવાની શકતી રહી. અને અડતાલીમા ઉપવાસે સવારે પુણા આઠ વાગે કાગળ નજીક આવ્યો તે ઘડીએ મુની મહારાજ ૧૦૦૮ હરજીવનજી મહારાજને માંગલીક કહેવા બોલાવા ગયા અને તેમના આવતા સુધી અંતરે મવા'ના પુણા આઠ પાચ મીનીટ અને

ત્રણ સેકન્ડ ટાઇમે પોતાનો દેહ મુકત કર્યો અને તે વખતે ચોગડીનુ પણ સારૂ હતુ કાળ કર્યો તે વખતે લોકો હજારો માણસ ભેગુ થયુ હતુ અને જયારે પોતાની પાલખી બહાર કાઢી અને પોતાના મરતી વખતે જે જે હકીકત બની તે ઘડીનો બનાવ.

કાળ કર્યો તેની તારીખ સંવત ૧૯૭૧ ના અસાડ સુદ ૧૫ વાર સોમ સવારના પુણા આઠ પાચ મીનીટ ત્રણ સેકન્ડના ટાઇમે. તે દીવસે પાખી હતી.

## ચોપાઈ.

કાળ કર્યા જેની વાર, થયો નધ ભેગો ત્યા તૈયાર,
ગયા ગામ આગેવાન પાસે, પાડો પાખી આજે ઉલ્લાસે.
ગામવાળા માને નહી ભાઇ, પાખી પાડવાની તો ના કહી,
પણ સમજાવ્યા ભાઈ જયારે, આપો સવાસો રૂપીયા ત્યારે.
ઘણી ખેચ પકડ ત્યાં કીધી, રૂપીયા એકાશીમા પાખી લીધી;
પાખી પળાવી સસપુર ગામ, દીપાવ્યુ અમુલખ નામ.
પછી થઈ ઉછામણી જયારે, રૂપીયા ઉપજ્યા ભાઈ ત્યા ભારે,
વળી દીવીયો તેવીશ જાણો, ઠાઠ મહા અલૌકીક પ્રમાણો.
શાલ દુશાલાના ભાઈ ઠાઠ, વાત સુણતા જાય ઉચાટ,
ગાડી બનતીતી ગામની નારી, કામમા ચીત નહી લગારી.
જોવા આવે અમુલખ ઘેર, હતી ધર્મ તણી લીલા લ્હેર,
રોવા કુટવાનુ બધજ રાખ્યુ, મહા ભાતુ ધર્મનુ તેને આપ્યુ.
પૈસા પાઈ એઆની રૂપીયા, ધર્માદાના રસ્તે તે ઉછલાયા;
વળી બદામો પુષ્કળ જાણો, બીજી આવક સારી પ્રમાણો.
જોયો ચીતાર નજરે ભોગીલાલ, થયો કાળ જયારે ત્યા તૈયાર;
કીધી જોડ બુદ્ધી અનુસાર, કીધો પ્રેમે અમુલખનો વીસ્તાર

પછી જે વખતે પાલખી બહાર કાઢી નદી ઉપર લઈ ગયા તે વખતે પોતાના ઉપર નખાએલી સાલ કોઇ જાવો જીવ મોટા વૃતની બાધા લે તેને આપવી. ત્યારે છકોટીના સંગના ભાવસાર ગોપાળદાસ કરીને હતા તેમને બાધા લઇ સાલ પોતે લીધી. ધન્ય છે.

## જે વખતે પાલખો કાઢી તે વખતનો દેખાવ.

### મનહર.

હતા મોટા સાહુકાર કહેવા આવે નહી પાર,
દીપાવ્યોજ ધર્મને શ્રાવકોએ ઉમગથી.
કરી ટીપ તેની વાર રૂપીયા ભરાણા ધાર,
શેઠ સાહુકારે આપી મદદ ઘણી પ્રેમથી.
સારગપુર તળીયાની પોળ વળી આવી છીપા પોળ,
શેઠીયાની થઈ ત્યા ઓળ ઘોડા ગાડી જોરથી
માણસોનો નહોતો પાર ઠાઠ બડો ગુલજાર,
કહેતા આવે નહી પાર વધાવે જય ઘોશથી.
કાઢી પાલખીજ જયારે વરસાદ આવ્યો તો ત્યારે,
ધર્મ તણી શ્રધા ભારે જોઇ મે ઉમગથી.
કહે છે ભોગીલાલ સુણો તમે નરનાર,
કહેતા આવે નહી પાર વાત સુણો મનથી.

તે વખતે તેમના અણસણ શરૂ થતી વખતે કેવી બાબતની ગોઠવણો હતી અને કોણ કોણ ચાકરીમાં હતા તથા કોની મેનીજમેન્ટમા હતી તેનુ વર્ણન ટુકમાં નીચે મુજબ.

## ગઝલ.

કરી ભાઈ તપસ્યા ભારી, કર્યું ભાઇ કામ શુરવીરનું;
કીધી ચાકરી ખુબ ધારી. „
હતા ભાઇ સ્થાનકીયા એ, રહેતા પાસે પોતે તે,
કરતા વયા વચ સારી. „
સમપુર ગામ તો જાણો, સુજ્ઞ ભાવસાર પ્રમાણો,
મોહનલાલ પ્રમાણીક જાણો. „
રહેવા નીશદીન તે પાસ, પુરી પાડી તપશી આશ,
આપે હીંમત ખુબ ખાસ. ,
વળી શેઠ મોતીલાલ જાણો, વણીક જાતીજ પીછાણો;
ધર્મમાં કેડ બાધી જાણો. „
કરવાતા સરભરા ખાસ, દેતા માનને આવકાર,
અભીમાન ધરતા નહી લગાર, કહુ છુ ધન્ય છે તમને
કરીતી ચાકરી ખુબ સાર, શાબાશી આપુ મોતીલાલ;
વીવેકીલો પુરૂષ ધાર. „
વળી ભાઇ પોપટલાલ જાણો, પીતાનુ નામ કેવળ માનો;
ધર્મનો ખૂબ કર્યો ટાનો „
કરીતી હીમત અપાર, કહેતા આવે નહી પાર,
હતા ટેકીલા ધર્મ ધાર, „
વળી કુટુંબ જાણો સાર, હતા છગનભાઇ ભાવસાર,
વળી નથુકભાઇ ધાર ,

ફરીતી ચાકરી મારી, ઉતરવા બાઉ ભર પારી,
સારંગપરની બલીહારી. „
રહેતા નીશદીન પાસે, મુલચંદ ભાઇ ઉલ્લાસે,
ધર્મનો ટેક ખૂબ ભાસે „
કહે છે લાલ ભાગી તો, અમુલખ ધર્મ યોગીતો,
જોયા મે ચુસ્ત જોગી તો „
કીધા બનાવ સુખકાર, આવતો રોજ ત્યા નીરધાર,
કાધો બુદ્ધીથી તૈયાર „

## હરીગીત.

તપસ્યાજ કાવ્ય પ્રીતથી બનાવ્યુ મેનો ભાવથી,
ભૂલચુક માફી આપશો, વાચશો તમે પ્રેમથી
જોયો(જ) ચીતાર તેમનો, તેવો મે અહી અનુભવ્યો;
બનાવ મુની હરજીવન સ્વામી ચોમાસે એક થયો
દીપાવ્યુ સસપુર ગામ, વાત કહુ શુ હુ ઘણી,
આનંદ મંગળ ગામમા, વરતાતી(તી) રોજ ધર્મની.
સાંજે પડીકમણુ સમાયક લોક કરવા આવતા,
આનંદ મંગળના ધોળ સઝાય, સ્તવનો સુખે ગાવતા.
કરતાતા શ્રાવક પ્રેમધારી, તપશીની ભકતી ઘણી,
આવેજ દરશન ત્રણવાર, ઉપમા કહુ શુ ઘણી
સમતા અને શ્રધા જોઇને, લોક ખુશી બહુ થતા;
ધન્ય અમુલખ આપને, એમ બોલતાતા હરખતા.
ગર્ભાર્થ આપુ અહી સુધી, ચીતાર પુરો એમનો;

કહે છે ભોગીલાલ પ્રેમે, વર્ણવ્યો ચીતાર તેમનો.
રહેવાશી છુ પાટણ તણો, કુળ વ્હોરાજી શોભતુ;
પિતા તણા પિતાજ મહારા, જોઇ મને મુજ હરખતુ.
પાટણ મધે છે ઉપાશ્રય ત્યા મુકામ મુજ શોભતો;
આવ્યોજ વેપાર અર્થે અહી રાજનગરમા દોડતો.
નામ મારૂ ભોગીલાલ, પીતા રતનચદ છે;
હાથ જોડુ તેમને કે સુખ કેરા કદ છે.

દોહરો

તપસ્યાજ કાવ્ય પુરૂ થયુ આપ્યો ખુબ ચીતાર,
ભુલ ચુકની માફ કરી વાચશો નરનાર
આ પુર્ત લાભતો એજ છે કરો ધર્મના કામ,
ગરીબ બીચારા દુખી ઘણા પુરો તેમની હામ.
કહે (ભોગી) પ્રેમથી તપસ્યાનો અધીકાર,
ગાય સીખેને સાભળે પામે ભવનો પાર.

## તપશ્યા મહાત્મય

[ સંપુર્ણ ]

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૨ | ૫ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૩ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૨ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૪ | ૩ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૨ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૨ | ૧ | ૪ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

# ધર્મ શીક્ષા.

## સાર્દુલ.

નમુ પ્રેમે ભાવથી દીલધરી શાન્તી જીણેશ્વર સદા,
આધી વ્યાધી ટાલજો સ્વામીજી વદણુ કર સર્વદા.
મસ્તક નમાવુ સ્વામીજી સેવકના દુખ કાપશો,
તપશ્યાજ કાવ્ય ધર્મશીખ સ્વામી જશ અપાવશો.

### હવે સંસારને ધીકકાર દેવરાવવા. વીશે.

ચીત્તી ચેતી ભોળી ખોલ ડોળા જ્ઞાન ગોળા વાગતે
સરધ્યાન ધોળા ખાઊ કોળા મીટે ચોળા આગતે.
વૈરાગ આણી જ્ઞાન જાણી સદ્ પ્રમાણી કારને,
ધીકકાર દો ધીક્કાર દો નિ:સાર આ સસારને.
જૈન ધર્મ ધારો મોહ નીવારો કર્મ આરો પામવા,
સમકીત ધારો જ્ઞાન સારો વર્ત ધારો કામલા.
અશ્ર રૂધી થાવી સૂધી બૌદ્ધ બુદ્ધી ધારને, ધીક્કાર દો.
નીત વીનય કીજે ગુરૂ રીઝે જ્ઞાન લીજે ધારને.
એહ જગત મમતા મેલ વમતા આણુ સમતા થારને,
લેપારને મદ મારને સબ જાહાનને ઉગારને ધીક્કાર દો.
કશિ કમર જોરે ચાલ બંધ છોરે ચોપશુ,
ધર ધર્મ ઝડા ભર્મ ખડા કર્મ ચડા લોપતુ
ચડ પકડ દોટે મદન ચોટે કોડ કોટે મારને. ધીક્કાર.
તુ વારે કાજે જ્ઞાન ગાજે મોક્ષ જાજે વીરતુ

મચી આપ આપેં ધ્યાન જાપે કર્મ કાપે ધીરતું
ગુણ આહી ગાઢો થાજે ટાઢો કાતી કાઢો તારને. ધીક્કાર.
સદ્‌બોધથી વચનો કથી શુભ જોગથી મૈ આ સમે
આ સભા હેતે ઉમગસે તે ભોગીલાલ જગ દાસમે,
નીત નીત હરખો ધર્મ પરખો મુક્ત નીરખો ધારને. ધીક્કાર.

## કર્મના વીચીત્ર ખેલ.

કર્મ કરે તે કોઈ નવ કરશે બીના કરમ નહી હોનેગા,
કર્મકુ શર્મ જરી નહીહેજી કર્મ કરે વો થાવેગા.
પાચ પાંડવા દેખો દ્રોપદી દેખો દાખલા શાસ્ત્રોકા,
બાર વરસ વન વનમે ભીટકે દેખો દાખલા કર્મોકા. કર્મ.
રાજા નળ ઓર દેખો દમયતી દેખો દાખલા ધર્મોકા,
બાહુક બનકે રાજા ભીનાયા દેખો દાખલા કર્મોકા. કર્મ.
ચૌદ ચોકડી રાજય લકાકા દેખો સતી મદોદરી રાણી
કર્મ કે લીયે રાજા રાવણ પળમા હુવા ગયા ધુળધાણી કર્મ.
રાજા હરીશ્ચદ્ર ઓર તારામતી રોહીત પુત્ર તુમ પીછાનો,
કર્મકે લીયે રાજા હરીશ્ચદ્ર ભગી કે વા વેચાણો કર્મ.
કર્મે શેઠ શાહુકાર કહે લાવે કર્મ ટુકડા મગવાવે,
કર્મે મહેલ મદીર બનાવે કર્મે વનમે રહેવરાવે. કર્મ.
એમ જાણીને ધ્યાન ધરો કુછ ધ્યાન ધરો ભાઇ કુછ દીલમે કર્મ.
કહે ભોગીલાલ સુણો સજ્જન ધ્યાન ધરો હરીકા દીલમેં.

## દુનીયામાં જન્મથી કે મરતાં લગણ ફક્ત લાકડા સીવાય કોઇ પણ ચીજ કામ આવતી નથી તેના ઉપર ભજન.

સૌ ભાઇ સુણો સજ્જન મેરા દેખો ગુણો. લકડીકા,
જીસ વખત તોરા જન્મ હુવા જબ દેખો (ઘોડીયા) લકડીકા. સૌ.

વીવીધ જાતકા લાએ રમકડા વોહી રમકડા લકડીકા,
જીસ વખત તોરા જન્મ હુવા જ્ય દેખો પારણા લકડીકા. સૌ.
પાંચ વરસકી હુઇ ઉમર જ્યા ગયા પઢણે (ભણવા) નીશાળ ભણી,
વીવીધ જાતકી લાયા પાટીઆ વોભી લેખણા લકડીકાઇ. સૌ.
આઠ વરસ કેરી હુઇ ઉમર જ્યાં હુઇ નાત જ્યા જ્મ મેળી,
કીયારે સગપણ દીયારે શ્રીફલ વોહી શ્રીફલ પણ લકડીકાઈ સૌ.
બાર વરસની હુઇ ઉમર જ્યાં તેર વરસ બેઠું ભારી,
વીવીધ જાતકા બના માડવાં હુઈ લગનકી તૈયારી. સૌ.
આએ ઘોડે પર ચડે વરરાજા ઢલ્યાં વીંઝણા લકડીકાઈ,
આએ સાજન બેઠે પાટપર વહેચ્યા શ્રીફળ લકડીકાઇ. સૌ.
આએ સાસુ જ્યાં પુખણ પુખણે વોહી પુંખણા લકડીકાઇ.
ગએ (માહરે) બેઠે વર વહુ ઢલ્યા પાટલા લકડીકાઇ. સૌ.
લાએ સોપારી કીયા ટુકડા વોહી સોપારી લકડીકાઇ,
એકબેકી જ્યાં ખેલે વરરાજા દેખો તમાસા લકડીકાઇ. સૌ.
લાએ વાસડા બાધી ચોરી વોહી વાસડા લકડીકાઈ,
ચાર મગલકા ફેરા ફીરાયા મીંઢલ બાંધ્યા લકડીકાઇ. સૌ.
ગએ મહેલમા ચડે વરરાજા ઢલ્યા ઢોલીયા સીસમકા,
બહોત અનોપમ કોરણી બનવાઇ છેવટ જાણો લકડીકાઈ સૌ.
આએ ઘડપણ ગીર ગયા દાત જબ લીયા ટેકા જ્મ લકડીકાઇ.
આએ કાળ જ્યાં ચડે છાતીપર ઢલ્યા ઢોલીયા લકડીકાઇ. સૌ.
લાએ વાસડા બાધી ઠાઠડી વોહી વાસડા લકડીકાઇ,
લાએ સૂખડ લાએ શ્રીફળ લાએ ઉપન પણ લકડીકાઇ. સૌ.
કુટુંબ કબીલો કોય નવ તારો નહી તોરી સગીરે માઈ,
કહે ભોગીલાલ સુણો સજ્જન છેવટ બાળયા લકડીકાઇ. સૌ.
નહી કાકા નહી ભગીની નહીહેં તોરો સગોરે ભાઇ,
કહે ભોગીલાલ સુણીલે સજ્જન સચ્ચી સગાઇ જાણ લકડીકાઇ. સૌ.

## .( અભીમાન )

( ક્યાંથી આ સભળાય મધુર સ્વર ક્યાંથી. )

મુકો તમારૂ અભીમાન ઓ સજ્જનો મારા મુકો તમારૂ અભીમાન,
કરો ગરીબોના કામ ઓ સજ્જનો મારા મુકો તમારૂ અભીમાન.
પરભવની પુન્યાઈ તુ પામ્યો રાખ્યને જરી ભાન. ઓ.
કંઈક સીજાવા કંઈક પીડાવા કરો દયાનું નીશાન. ઓ.
આવે આશાએ કોઈ કરો નહી નીરાશ રાખી ધર્મ કેરૂ જ્ઞાન. ઓ.
અભીમાન દરીયો છાજયો નહી કોઇને ધરો દાખલો રાવણ કાન. ઓ.
વળી જુઓ દુર્યોધન, ભાઈ કેવો બન્યો હેરાન. ઓ.
કહે ભોગીલાલ સુણો વાત મૂકો તમારૂ અભીમાન ઓ.

## દુનીયામાં માયામાત્ર પૈસાની.

દામની છે દુનીયા તમામ ( આ ) મુરખ મનવા દામને સંભાળ,
દામ વીનાના નર તે ( ખર ) ને સમાન મુરખ મનવા દામને સંભાળ.
દામ મળે માબાપ કહે ટરણી કુળદીપક મ્હારા,
નહીતો કહેશે ક્યાથી પાકયો કુળમા તુ અગાર મુરખ.
ગરથ હોય જો ગાઠતો નારી રહે પતીવ્રત ધારી.
નહીતો સુનો મુકી સરકશે રમશે જાલીમ જારી મુરખ.
હશે પાસ પૈસો જો તો પુત્રો પણ સેવા કરશે,
નહીતો કહેશે ખાતો મફતનો કયારે બુઢો મરશે. મુરખ.
કોણ માતને કોણ તાત વળી કોણ પુત્ર કોણ પ્યારી,
સ્નેહ અને સગપણમાં સમજો દામ તણી સહુ યારી,
દુનીયા દામની બલીહારી મુરખ મનવા દામને સભાળ.

## ( જુઠુ ન બોલવું. )

જૂઠુ બોલો નહી તમે શાણા, રાખી અંતર બીક. શાણા રાખી.
જૂઠુ બોલ્યાથી થયા નહી સુખી, કઇકે લીધી શીખ. શાણા.
જૂઠુ બોલ્યાથી ઘટે આબરૂ, માનભ્રષ્ટ જીવ થાય;
વીશ્વાસ રાખે નહી કોઇ તેનો, છેવટ મન મુઝાય. શાણા. (૨)
લાખ જાજો પણ સાખ ન જાજો, એવી કહેવત મન ધાર,
સત્યનો બેલી છે પ્રભુજી, કરોને મન વીચાર શાણા. (૨)
કહે ભોગીલાલ પ્રેમે ભાઇ, સમજોને કંઇ સાર;
સત્યનો રસ્તો ઝાલશો તો, ઉતરશો ભવ પાર. શાણા.

## ( પર સ્ત્રી ત્યાગ કરવા વીશે. )

પરનારીની પ્રીત જીવડલા પીત્તલ જેવી ધાર,
શીખામણ સમજોને લગાર. પરનારી. એ ટેક.

કઇક રાણાને કઇક રાજીયા કઇક થયા ખુવાર;
ધરોને કઇક શીખામણ સાર. પરનારીની.
લકા સરખો રાજવી મોટો નહોતો સુખનો પાર;
પરનારીની પ્રીતને સારૂ થયો છેવટ ખુવાર. પરનારીની.
દુર્યોધન જેવા રાજવી મોટા કૌરવ જેવા ભાઈ,
દ્રૌપદી કારણ કૌરવ જાણો કેવા થયા દુખદાઇ. પરનારીની.
તેને માટે આપુ શીખામણ કરો કઇક વીચાર,
ત્યાગ કરો ભાઈ પરની નારી તો, ઉતરશો ભવ પાર. પરનારીની.
કહે ભોગીલાલ પ્રેમે સૌને રસ્તો ખોટો વ્યભીચાર,
માત સમાન ગણો પરનારી સુખી થશો સસાર. પરનારીની.

## ( સંપ કરવા વિશે. )

### ગઝલ.

સદા જ્યા કુસંપની લહેરો, સદા ત્યા દુખના વાસા,
સદા જ્યા સંપની લહેરો, સદા ત્યાં સુખના વાસા.

જુઓ ઇતીહાસ ભૂગોલે, જૂઓને ગદ્ય નોવેલો;
ચલાવી કુસપની રેલો, સદા ત્યાં દુખના વાસા.
થયા છે ભાગો ભાગ જૂદા, થયા મતો બધા જૂદા;
વાંચો શાસ્ત્રના ઝુંડા, સદા ત્યાં દુખના વાસા.
જૂઓ ઔરંગઝેબશાહ તો, જૂઓ મહમદ ગીઝનીતો;
ચલાવી ખૂબ કત્તલો તો, સદા ત્યાં દુખના વાસા.
જૂઓને ઘોરી શાહબુદ્દીન, જૂઓને ખુની અલાઉદીન;
ફીધાવા હીંદુઓને બીન, સદા ત્યાં દુખના વાસા.
જૂઓને તે વળી ચહુઆણ, રાખ્યુ દેશનુ અભીમાન;
કુસપે વાળીયુ રમખાણુ, સદા ત્યા દુખના વાસા.
કરો ભાઇ સંપ પ્રેમે તો, મૂકો કુસપ તમે તો,
જગાડો સપ હેતે તો, સદા ત્યાં સુખના વાસા.
કહે લાલ ભોગી તો, સુખી મેં જોયા જોગી તો;
નથી આધી ઉપાધી તો, સદા ત્યાં સુખના વાસા.

## ઉપદેશી.

મુરખ મનવા તજને તું તોફાન, રટ તું એક નીરંજન નામ;
માત સુત બંધવ એની, માયા તણા ગુલામ. રટ તું.
હાય હાય કરી રડે હજારો, કોઈ નવ આવે કામ. રટ તું.
માળ બનાવ્યા મહેલ બનાવ્યા, મુકી જશો અહી ઠામ. રટ તું.
બાગ બંગલા છેવટ છોડી, જઈ વસવું શમશાન. રટ તું.
આવ્યા ખાલી જવુજ ખાલી, સાથે પાપ પુણ્ય કામ. રટ તું.
કહે ભોગીલાલ પ્રેમે ભાઈ, આવશે નહી એક બદામ. રટ તું.

## સ્થાનકવાસી કોમને ઉતેજન આપવા પૈસાદારોને અરજ.

( સૈહા તારો. )

સાંભલો દાદ અમારીરે, દયા તો કરો લગારીરે;
ઇચ્છાઓ જણાવો સારીરે, કે કેળવો નરને નારીરે.

આપ વીના કોણુ દાદ સાંભળે, ને કોને કરવી વાત;
દુખીયા બીચારા ગરીઓ રખડે, તેનો કરો ઉદ્ધાર;
કરો કંઇ નામના સારીરે, કેળવો નર ને નારી.
આ પુન્યાઇ કરીને પામ્યા, સુખ સાહબી કરી ધામ;
માટે વીચાર કરોને મોટા, ભીડો ગરીઓને હામ
ગુપ્ત દાન કાઢો વીચારીરે, દયા તો કરો લગારીરે.
લક્ષ્મી અકળાશે ત્યારે રહેશે, નહી પાસે એકે પાઈ;
માટે સુકૃત કરો જગતમાં, રહેશે સદા જોગવાઈ;
દયા ફળ મળશે ભારીરે, કરો તો દયા લગારીરે.
આપના બંધવ આપ નાતીલા, દુખીયા દેખુ હજાર,
અરેકારો આવે નહી કોઇને, શરમ વાર હજાર,
પૈસાની કરો ન ફૂવારીરે, દયા તો કરો લગારીરે.
આટલા મોટા જથ્થાને લાયક, બોર્ડીંગની છે ક્યાશ;
ગરીબ બીચારા પોતે પોતાની, શી રીતે પૂરે આશ;
ગૃહસ્થો કઈ કરો વીચારીરે, દયા તો લાવો લગારીરે.
ટળવળે ભાઇ અન્ન વીના, અને બીન પૈસાને આધાર;
ભણવાની ભાઇ હોસ ઘણી છે, પણ પોતે લાચાર,
કરો કઇ મદદ સારીરે, દયા તો લાવો લગારીરે.
એકજ લક્ષ્મીને કારણુ ભાઈ, ભાગ જાણુ હજાર;
કોના નસીબનુ કોણુજ ખાશે, મળશે નહી ખાનાર;
કરો કામ ગરીબ ધારીરે, દયા લાવો લગારીરે.
હાથ જોડી અમે ગરીબ કહીએ, સાંભળો અમારી દાદ;
ખાવા પીવાના સાસા અમને છે, કરો કઇક વીચાર;
કરોને પુણ્ય પત્રાળીરે, દયા તો લાવો લગારીરે.
ન્યાત જાતના અર્જ સૂણે નહી, ત્યારે કોનો આધાર;
કહે ભોગીલાલ પ્રેમે મોટાને, કરો ગરીબ ઉદ્ધાર,
તો ઉતરશો ભવપારીરે, દયા તો લાવો લગારીરે.

# જૈનમાં તપસ્વી મહાત્માઓ તથા બાળ બ્રહ્મચર્ય વૃતપાળી જે મુનીઓ થઇ ગયા તેના દાખલા.

( મુજ ઉપર ગુજરી. )

કહું વાત શાસ્ત્રની સુણો, તમેજ મુજ પ્યારો. (૨)
થયા થયા મહાન પુરૂષ, વીચાર દીલ ધારો;
થયાજ ઘણા અણગાર, તપસ્યા કીધી. (૨)
પાળી સંજમ ખાંડા ધાર, મોક્ષ વાટ લીધી.
કરવાતા તપસ્યા સાર, લુખો વળી અહાર (૨)
છે ગુણ તમારા ખુબ, કહેતાં ન આવે પાર;
વળી જાણો ગજ સુકુમાર, કાઉસગ્ગ ધ્યાને. (૨)
લીધો સંજમ જેણીવાર, ગયાજ મસાણે;
કાઉસગ્ગ ધ્યાને રહી, પોતે ધ્યાન ધરતા. (૨)
ખેર અંગારા શીર, પોતે નહી ડરતા;
રાખી સમતા ટેક અટક, ખુબ ધારી. (૨)
લીધો ચાર ઘડીમાં મોક્ષ, રસ્તો વીચારી;
વળી શેઠ સુદર્શન જાણો, શીયળ કેવુ પાળ્યું;
અભયા રાણીને કાજ, દુખ બહુ સાલ્યુ.
શુળી શીટીને થયુ સીંહાસન ભાઈ,
ધન્ય ધન્ય સુદર્શન શેઠ નમુ ઉલ્લાસાઇ.
થયા ઘણા મુનીવર ભાઈ પાર ન આવે,
પ્રેમે લાલ ભોગીતો શીશ મુનીને નમાવે.

## [ ચોરી ન કરવા વીશે. ]

પરધન પથ્થર જાણી મનવા કરોને મંન વીચાર,
ચોરી ચાડી કુડ કપટને મારો જુતીયા ચાર. પરધન.
મનુષ્ય જન્મ ફરી મળે નહી તેનો કરો વીચાર,

ગઈ આબરૂ ફરી મળે નહી ચોરી કરો ન લગાર. પરધન.
ચોરી ચાડીથી ગયા જેલમાં જીવ હજારો જાણ,
ભ્રષ્ટ થઇ પોતાની ઇજ્જત વાત મારી લે ધ્યાન. પરધન.
ચોરી માલ ચડાળે જાએ પાપી ઘસતા હાથ,
થયા નહી ભાઈ પૈસા વાળા જુઓ ચોરના ઘાટ. પરધન.
કહે ભોગીલાલ પ્રેમે જગમાં સુણો તમે નરનાર,
ચોરી ચાડી કરે તેને આપો હજાર વાર ધીકકાર. પરધન.

( ગઝલ. )

સદા સત્કર્મથી ચાલી ગરીબોનુ ભલુ કરશો,
જરી મમ વાતે ધ્યાને લઇ ગરીબોનુ ભલુ કરશો.
પુન્યાઇથી પામ્યો તુ જોગવાઇ કર્યું શુ સુકૃત્ય જગમાં ભાઇ;
અંતે આવે નહી એક પાઇ ગરીબોનું ભલું કરશો.
બનાવ્યા મહેલને માળા કીધા ભાઇ ખુબ તે ચાળા,
વસાવ્યા છેવટે તાળા ગરીબોનુ ભલુ કરશો.
કરો જો જેવુ આ હાથે આવશે પુણ્ય પાપ સાથે,
ભમે છે કાળ તુજ માથે ગરીબોનુ ભલુ કરશો.
થયા ભાઇ લાખ બેને ચાર વધી તૃષ્ણા તને અપાર,
કરને મનમાં વીચાર ગરીબોનુ ભલું કરશો.
નથી મળતુ ખાવા પિવા નથી પાથરણુ પાથરવા,
કરીએ તો અમે દાવા ગરીબોનુ ભલું કરશો.
અરે ઓ લક્ષ્મીઓ વાળા થાઓ કેમ તમે મત વાળા,
તમ લક્ષ્મીમા ભાગ અમાસ ગરીબોનુ ભલું કરશો.
કહે છે લાલ ભોગીતો ગરીબોને રોગી તો,
ધરો શેઠ ધ્યાન માંહીજો ગરીબોનુ ભલુ કરશો.

સમાપ્ત.

## અગાઉથી ગ્રાહક થનારના નામ.

૫૧ ભાવસાર અમુલખ રાયચંદ.
૫૧ ભાવસાર સામલદાસ ત્રીભોવન
૧૬ ભાવસાર ગુલાબચંદ ત્રીભોવન
૧૦ પોપટલાલ કેવળ
૧૧ મોહનલાલ છગનલાલ
૫ બાઈ હરકોર
૫ સંઘવી પાનાચંદ નારાયણ
૫ નરસીંહ મુલચંદ
૧૫ મંગળ હરગોવન
૨ ઢબાભાઇ ખુશાલ
૫ સાંકલચંદ પાનાચંદ પીઠામાં
૫૧ પાનાચંદ ઝવેરચંદ સારંગપુર તળીઆની પોળ
૫૧ ભોગીલાલ સાંકલચંદ „
૨૫ મફુકલાલ ગુલાબચંદ „
૫ સાકલચંદ ત્રીભોવન
૫ મણીલાલ મગનલાલ
૨ ભાવસાર ફુલચંદ રાયચંદ
૫ ભાવસાર હરીલાલ રાયચંદ
૧૦ ખેમચંદ ખુશાલ
૨ ડાહ્યાભાઇ વીરચંદ
૫ ત્રીભોવન મુલચંદ
૨ સુખલાલ મગનલાલ
૨ પાસુ રામજી
૫ પ્રેમચંદ ત્રીભોવન
૫ ભોગીલાલ લખમીચંદ
૫ નાથાલાલ જેઠાભાઇ
૫ શેઠ તીલોકચંદ અનરાજ
૫ ન્યાલચંદ રાયચંદ
૫ છગનલાલ હીરાચંદ
૫ દલીચંદ પ્રેમચંદ
૧૧ કચરાભાઇ કીશોરદાસ
૫ પોચાભાઇ લલુભાઇ
૨૫ છોટાલાલ માહસુખભાઇ
૨૦ ભગુભાઇ
૨૫ હરીલાલ છોટાલાલ
૧૫ મહાસુખરામ ગુલાબચંદ
૧૦ ભાવસાર જેશીંગ બુલાખીદાસ
૫ સંઘવી મણીલાલ છગનલાલ
૧૫ જેચંદ આશારામ
૧૧ રંગજીભાઇ મોહનલાલ
૧૫ દલસુખ ગીરધર ભાવસાર
૫ માવજી કલ્યાણ „
૫ નાથાલાલ મગનલાલ
૫ ઠાકરશી ગોવીંદજી
૨ લલુભાઇ સાંકલચંદ
૨ જીવરામ બેચરદાસ
૫ શા સકરચંદ મગનલાલ
૨ મણીલાલ ભવાનીશંકર
૨ ડાહ્યાભાઈ છગનલાલ
૨ ફીલાચંદ દેવજી
૧ વીરચંદ રાયચંદ
૧ પોચાભાઈ પીતાંબર
૨ માણેકલાલ સુખલાલ
૨ મોહનલાલ કુવરજી
૧ લલુ કેશવલાલ

૧ ચકાભાઇ રવચંદ
૧ કેશવલાલ કાળીદાસ
૧ મોહનલાલ જમનાદાસ
૧ નગીનદાસ ત્રીકમલાલ
૧ દલીચંદ ભવાની
૧ રૂપચંદ આદરજી
૧ મુલજી ઘેલાભાઈ
૨ પોપટલાલ કસ્તુર
૧ શામજી ભાણજી
૨ જેસીંગ ભાઇલાલ
૨ જેઠાલાલ રાવજી
૨ પોપટલાલ ચુનીલાલ
૧ સાકલચંદ ધનજી

**સાણંદ.**

૧૦ સાકલચંદ પોપટભાઇ
૩ રાઘવજી પ્રેમચંદ
૨ છગનલાલ ભાણજીભાઇ
૨ કેશવજી રઘુભાઇ
૧ કાનજી રાઘવજી
૧ કપુર કુવરજી
૧ કમોઇ ઝીણાભાઇ વલશીભાઇ
૧ દોશી. ચુનીલાલ લાલચંદ દેવાદરવાલા.
૧ શા ચુનીલાલ ભાયચંદ
૧ પ્રાગજી નારાયણભાઇ
૧ હરીભાઈ ગોપાલદાસ
૧ રણછોડ નારાયણદાસ
૧ જીવાભાઇ ગીરધરભાઈ
૩ દેવસી અમૃતલાલ

૧ ખોડીદાસ ત્રીકમલાલ
૧ મોહનલાલ માવજી
૩ ઉજમશી માણેકચંદ
૧ કસ્તુર છગનલાલ ખંભાતવાલા
૧ કેશવજી હીરાચંદ
૧ પરશોતમ હરજી
૧ વોરા તરભોવન લહેરા વઢવાણવાળા.
૧ આશા તરભોવન
૧ રાયચંદ હરજીવન ધાગધ્રાવારા
૫ ગાંધી અમેચંદ જેઠાભાઈ
૨ હરીભાઇ લાલદાસ
૫ ભાવસાર વીરચંદ બેચરદાસ
૧૬ પુંજા માણેકલાલ સરખેજ
૧૦ મણીલાલ કેશવલાલ નવાપરા
૨ બાઈ જડી વઢવાણ કાંપ
૨ બાઈ નાની
૨ ભાવસાર સધજી દામજી
૫ તરભોવન શામજી
૧૦ ભાવસાર ગોપાલદાસ ઘેલાભાઇ
૫ મુલચંદ કેવળ
૫ ભાવસાર મોહનલાલ ગોપાળદાસ
૫ પાનાચંદ હરજી
૧૦ દયારામ જેચંદ પ્રાંતીજ
૧૦ દલસુખ લખમીચંદ ,,
૫ ભાવસાર દેવચંદ કેશુજી
૧૦ દલસુખ માનચંદ ભાવસાર કડી
૫ મનસુખભાઇ ડોસુભાઇ કડી
૧૦ તરભોવન જેઠમાનદાસ પાંણીપુરા

**આબરૂદાર એજન્ટો જોઇએ છીએ.**

# બીમારોને મહાત્માનો આશિર્વાદ.

## ધંધો નહિ—પણ—ધર્માદા ખાતું.

માણસ જાતને કુદરતના નિયમોનો ભંગ કરવાથી લાગુ પડતાં નીચે જણાવેલા સાત ભયંકર દરદોની દવા એક મહાત્મા પાસેથી મને મળી છે, જે ફક્ત ગરીબોને વિના મૂલ્ય આપવાનું ખાતું મારા તરફથી અમદાવાદમાં ખોલવામાં આવ્યું છે પ્રથમ એ દવાઓ ખાનગી રીતે અજમાવવામાં આવી હતી અને સંખ્યાબંધ ફતેહમંદ અખતરા કર્યા પછી હમણાં એનો લાભ જાહેર પ્રજાને આપવા માટે આ જાહેર ખબર કહાડવાનું યોગ્ય ધાર્યું છે.

**સંગ્રહણી**—( મુંબાઇના પાણીથી અગર બીજા કારણથી થઇ હોય તે )

**લકવો યાને પક્ષાઘાત—કોઇપણ જાતનો વા.**

**નસોની નબળાઇ યાને નામરદાઇ.**

**હીસ્ટીરીયા** યાને વાઇ અગર મીરઘી

**ભગંદર—વધરાવળ.** ( બને વાઢકાપ કર્યા વગર )

**બચ્ચાંને થતી વરાધ—ભરાઇ જવું તે.**

**સ્ત્રીઓને થતું પ્રદરનું દરદ.**

આ દરદોની ખાસ દવાઓ છે અને તે રામબાણ અસર કરે છે.

**સુચના:**—દવા તદ્દન મફત આપવામાં આવે છે પરંતુ માણસના સાધન અમર્યાદિત હોતા નથી તેથી દવા મોકલવાને લગતું પોસ્ટ વગેરેનું ખર્ચ મંગાવનારે આપવું જોઇશે તથા આ ખાતું જો ગરીબ શ્રીમંત બધાને મફત દવા આપ્યા કરે તો સાધનો જલદી ખૂટી જાય ગરીબોને પણ લાભ મળતો બંધ થાય, માટે એવું ઠરાવ્યું છે કે મધ્યમ સ્થિતિના અને શ્રીમંત દરદીઓએ યથાશક્તિ રકમ આ ધર્માદા ખાતાને આપવી, કે જેથી તે જીવતું રહે. જવાબ માટે ટીકીટ બીડવી.

**શા. વાડીલાલ મોતીલાલ પાલખીવાળા.**

**એલ. ટી. એમ. મીલ મેનેજર ઠે. લુણસાવાડે—અમદાવાદ.**

ધી ચન્દ્રપ્રકાશ પ્રેસ. ઠે. ખીકાંટે—અમદાવાદ.